મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૯ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરની શાળા કોલેજો બહાર એન્ટી રોમિયો સ્કવોર્ડ એક્ટિવ

વિદ્યાર્થિનીઓની થતી છેડતી અને ઠઠ્ઠામશ્કરીના બનાવો અટકાવવા શાળા કોલેજના ગેટ પાસે જ સ્કવોર્ડ તૈનાત

ગાંધીનગર, તા.૨

શહેરની શાળા કોલેજો બહાર મોંઘાદાટ બાઈક અને ગાડીઓ લઈને ઉભા રહેતા નબીરાઓ તથા અસામાજિક તત્વો દ્વારા વિદ્યાર્થિનીઓની અનેકવાર મશ્કરીઓ કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠતા આ ફરિયાદના ડામવા તથા વિદ્યાર્થીનીઓની છેડતી અને ઠઠ્ઠા મશ્કરીઓ બંધ કરાવવા જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી એન્ટી રોમિયો સ્કવોર્ડ પુનઃ સક્રિય થઈ જવા પામી છે. રોમિયોગીરી કરતા તત્વોને સબક શીખવાડવા આ સ્કવોર્ડને શાળા-કોલેજોના ગેટની બહાર જ સ્ટેન્ડ ટુ કરી દેવાઈ છે.

શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને અસામાજિક તત્વોથી સુરક્ષા આપવાના આશયથી જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ શહેરની શાળા કોલેજો બહાર એન્ટી રોમિયો સ્કવોર્ડ સક્રિય કરી છે. શાળા-કોલેજો બહાર વાહનોનો અડિંગો જમાવીને ઉભા રહેતા અસામાજિક તત્વો અને નબીરાઓ દ્વારા ત્યાંથી અવરજવર કરતી વિદ્યાર્થીનીઓને ટાર્ગેટ કરીને તેમની સાથે ઠઠ્ઠા મશ્કરી કરવામા આવતી હોવાની તથા છેડતી કરવામા આવતી હોવાની ફરિયાદો સામે આવતા આ ટીમ ફરી સક્રિય કરવામા છે. શહેરની શાળા કોલેજો બહાર એક તરફ ટ્રાફીકને અડચણરૂપ પાર્કિંગ તો બીજી તરફ રોમિયોગીરી અટકાવવાનું કામ કરવા પોલીસની ટીમ તૈનાત કરી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેરના સ્થાપના દિને રોપાઓનું વિતરણ કરનાર વૃક્ષ રથનુ ગાંધીનગરથી પ્રસ્થાન

ગાંધીનગર, તા.૨

૬૯ વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે રાજયના પાટનગર ગાંધીનગરના સ્થાપના દિનને નાયબ વનસંરક્ષકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા વૃક્ષ રથ યાત્રાનો આરંભ વન ચેતના કેન્દ્ર, સેકટર- ૩૦ ખાતેથી કરવામાં આવ્યો છે. આ વૃક્ષ રથયાત્રાને નાયબ વનસંરક્ષક શ્રી અતુલ અમીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથ સમગ્ર જિલ્લાના તમામ તાલુકાઓના ગામોમાં ફરશે. વૃક્ષ બચાવવા અને વૃક્ષોના ઉછેર અંગેની જાગૃતિ લાવવા સાથે સાથે રોપાઓનું પણ વિતરણ વૃક્ષ રથયાત્રા દ્વારા કરવામાં આવશે. તા. ૧૧મી ઓગષ્ટના રોજ રથયાત્રાની પુર્ણાહુતિ દહેગામ તાલુકામાં થશે. વૃક્ષ રથયાત્રા તમામ દિવસો દરમ્યાન સવારના ૯.૦૦ કલાક થી સાંજના ૭.૦૦ કલાક સુધી ફરશે.

વૃક્ષ રથયાત્રાની વિગતો આપતાં નાયબ વન સંરક્ષક શ્રી અતુલભાઈ અમીને જણાવ્યું છે કે, ૬૯ વન મહોત્સવની ઉજવણી સાચા અર્થમાં સાર્થક કરવાના ઉમદા આશયથી આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથયાત્રા તા. ૨ અને ૩ ઓગષ્ટ દરમ્યાન રાજયના પાટનગર ગાંધીનગરમાં ફરશે. જેમાં તા. ૨ ઓગષ્ટના રોજ સેકટર - ૧ થી ૧૫નો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ તા. ૩ ઓગષ્ટના રોજ વૃક્ષ રથ સેકટર-૧૮ થી ૨૯માં ફરશે. તે ઉપરાંત તા. ૪ ઓગષ્ટના રોજ રથ ઈન્દિરાબ્રિજ-ચ-૦ સર્કલ-વૈષ્ણદેવી-તપોવન સર્કલ-અમિયાપુરા-કોબાથી ચ-૦ સર્કલ નર્સરીમાં પરત આવશે.

વૃક્ષ રથ દ્વારા સમગ્ર જિલ્લામાં સુશોભીત, ફળાઉ, ઔષધિય જાતોના રોપાઓનું વિતરણ કરી રોપ ઉછેર/ સંવર્ધન કામગીરીની માહિતી પુરી પાડવામાં આવશે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વૃક્ષ રથ શોપીંગ સેન્ટર, સુવિધા કચેરીથી અને ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત કચેરીએથી રોપાનું વિતરણ કરશે.

@ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે મૃતિકા શલાકાના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી, ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૬ કસુંબી ઘટાના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

વાતવાતમાં

● સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમમાં પ્રાર્થનાનો પ્રારંભ થતા જ સ્પીકર્સ ખોટકાતા અવાજ બંધ થઈ ગયો હતો. જો કે આ સમયે ઉપસ્થિત તમામે એકી સાથે પ્રાર્થના ઉપાડી લેવા સાથે આખી પ્રાર્થનાનું સમુહગાન કર્યું હતું.

● શહેરમાં નવી પેઢીએ પણ પોતાની રીતે પાટનગરનો જન્મદિન ઉજવ્યો હતો. જેમાં કેટલાક સેવાભાવી યુવાનોએ વૃક્ષારોપણ જેવા કાર્યક્રમ હાથ ધર્યા હતા જયારે મોટાભાગના યુવાનોએ વિવિધ સોશ્યલ મિડિયા પર 'સ્ટેટસ સ્ટોરી'માં શહેરના નયનરમ્ય ફોટા અપલોડ કરી શુભેચ્છા પાઠવી હતી.

● વડાપ્રધાનની માતાના નિવાસ સ્થાન નજીક ચેઈન સ્નેચીંગની ઘટના બની હોવાની વાતથી દોડધામ મચી જવા પામી હતી. જો કે સ્થાનિક પીઆઈને પૂછતા આવી કોઈ ઘટના સર્જાઈ હોવાનો ઈન્કાર કર્યો હતો.

વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે પિડિયાટ્રિક એસોસિએશનનો નર્સિંગ કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના સેકટર-૧૨ ખાતે સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે શહેરના પિડિયાટ્રિક એસોસીએશનના સંયુકત ઉપક્રમે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિવિધ તજજ્ઞોએ સ્તનપાનનું મહત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

વિશ્વમાં માતાનું ધાવણ નવજાત શિશુઓ માટે કેટલું મહત્વનું છે તે અંગે જાગૃતિ ફેલાવવાના આશયથી 'વિશ્વ સ્તનપાન સપ્તાહ' ઉજવવામાં આવે છે. આ અંતર્ગત ગાંધીનગરની નર્સિંગ કોલેજ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. નિશા

ઉપાધ્યાયે સ્તનપાનના ફાયદા જણાવી તેનું મહત્વ ઉજાગર કર્યું હતું. તેમના વિડિયો પ્રેઝન્ટેશન બાદ ડૉ. ધારા નાણાંવટીએ પણ સ્તનપાન માટે વૈશ્વિક દર જણાવતા તેના લાભો અંગે માહિતગાર કર્યા હતા. શહેરના પિડિયાટ્રિક ડૉ. સીમા શાહે કાંગારૂ મધરકેર અંગે વિડિયો તથા પ્રદર્શન થકી ઉપયોગી માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે ડૉ. પ્રફુલ પટેલે બૉટલ ફીડીંગના ગેરફાયદા સમજાવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના કેમ્પસ ડાયેરકટર ડૉ. આર.જે. વ્યાસ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપને કોલેજના પિડિયાટ્રિક વિભાગના પ્રો. હિમાલી પ્રજાપતિએ આભારદર્શન વ્યકત કર્યું હતું.

કલરવ સંસ્થા દ્વારા બાળમિત્રો માટે 'અક્ષયપાત્ર'ની મુલાકાતનું આયોજન

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની કલરવ સંસ્થાના બાળમિત્ર સભ્યોને આગામી તા. ૧૧મી ઓગષ્ટ શનિવારના રોજ અમદાવાદના ભાડજ ખાતે 'અક્ષયપાત્ર'ની મુલાકાતે લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસ માટે બાળકોએ તા. ૮મી ઓગષ્ટ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી દેવું ફરજિયાત છે જે માટે વાલીઓએ સે-૨૨માં પંચદેવ મંદિરની નજીક આવેલા ફિજિયોથેરેપી સેન્ટર ખાતે રવિવાર સિવાયના દિવસે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન સંપર્ક સાધી રૂ. ૧૦૦ અનુદાન રોકડેથી ભરી ટોકન મેળવી લેવાનો રહેશે. પ્રવાસ દરમિયાન બાળકે ટોકન પીન અપ કરવો જરુરી છે તેવું સંસ્થા દ્વારા જણાવાયું છે.

પ્રવાસનું રજીસ્ટ્રેશન ઓન-ધ-સ્પોટ શક્ય ના હોવાથી નિયત સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન કરાવી લેવા સાથે સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે કે વાર્ષિક સભ્ય બનેલા બાળમિત્રોને આ કાર્યક્રમના એસએમએસ તથા ઈમેલ આઈડી થી જાણ કરવામાં આવી છે. આ સાથે પ્રવાસ માટે વાલીઓએ તા. ૧૧મી ઓગષ્ટે બપોરે ૨.૫૦ કલાકે સમયસર બાળકની રૂચિ મુજબનો નાસ્તો, પાણીની બોટલ વગેરે સાથે ટાઉનહોલ બહાર દરવાજા પાસે કલરવના સ્વયંસેવકોને બાળક સોંપવાનું રહેશે. પ્રવાસબાદ રાત્રે ૮.૩૦ કલાકે આજ સ્થળેથી બાળકને ભૂલ્યા વગર પરત લેવા આવવાનું રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે સે-૨૨માં યોજાનાર આગામી ગણેશોત્સવમાં યોજાતા કાર્યક્રમોમાં કલરવના બાળમિત્રો દ્વારા કલાસભર કાર્યક્રમ રજૂ કરાશે જેની જાહેરાત તા. ૧૧મી ઓગષ્ટે કરાશે.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય પરિષદ દ્વારા પ્રવાસ આયોજન

ગાંધીનગર, તા.૨

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગર શાખા દ્વારા તા. ૧૧મી ઓગષ્ટ ૨૦૧૮ને શનિવારના રોજ ખંભાત બેઠક તેમજ આસપાસના વિવિધ જોવાલાયક સ્થળો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. તો જે વૈષ્ણવોએ આ પ્રવાસનો લાભ લેવો હોય તેઓએ હવેલી મંદિર સેકટર-૨૧ના કાર્યાલયમાં તા. ૯-૮-૨૦૧૮ સુધીમાં સવારે ૬.૧૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધીમાં નામ નોંધાવી દેવા. નિયત તારીખ અને સમય બાદ નામ નોંધવામાં આવશે નહિ તેની નોંધ લેવા આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદના મંત્રી એચ.એચ.ગાંધીએ જણાવ્યું છે.

૯મી ઓગષ્ટના 'ભારત બંધ'ને દલિત સેનાનું સમર્થન

ગાંધીનગર, તા.૨

તા. ૯મી ઓગષ્ટના રોજ દેશભરના વિવિધ સામાજિક સંગઠનો દ્વારા દેશભરના દલિતો-આદિવાસીઓના પ્રાણ પ્રશ્ને 'ભારત બંધ'ના એલાનને ગુજરાત દલિત સેનાએ સમર્થન આપેલ છે.

સુપ્રિમ કોર્ટના ચુકાદાથી ઘેરા પ્રત્યાઘાત પડેલ છે. નારાજગી વધેલ છે. એન.જી.ટી.ના નવ નિયુકત ચેરમેન એ.કે. ગોયલને તે પદ પરથી હટાવી લેવા માંગણી કરેલ છે. તા. ૯મી ઓગષ્ટે અમદાવાદ સારંગપુર સર્કલ પર દેખાવો કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દલિત સેનાના હોદ્દેદારોને ગાંધીનગર જિલ્લા દલિત સેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

રખડતા ઢોર પકડતા કર્મચારીઓ પર હુમલો કરનાર આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૨

શહેરમાં રખડતાં ઢોરોને પકડવા માટે ફરતી ઢોર પકડ પાર્ટીના કર્મચારીઓ ઉપર ગત વર્ષે હુમલો થયો હોવાની ફરિયાદ સેક્ટર-૨૧ પોલીસ મથકમાં નોંધાઈ હતી ત્યારથી આજદિન સુધી નાસતો-ફરતો આરોપી ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડયો છે. આરોપી શહેરના સેક્ટર-૨૬ ખાતે કિસાન નગરમાં પોતાના સંબંધીના ઘરે હોવાની બાતમીના આધારે એલસીબીએ ત્યાં સ્થળ પર પહોંચી તેને પકડી પાડયો હતો.

સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ગત વર્ષે રખડતા ઢોર પકડતા

કર્મચારીઓ પર હુમલાના પ્રકરણમાં ગુનો દાખલ થયો હતો. કર્મચારી ઉપર હૂમલો કરી સરકારી કામકાજમાં અડચણ ઉભી કરવા બાબતે નોંધાયેલા આ ગુનામાં માણસા તાલુકાના ઈટાદરા ગામનો આરોપી છગન રામજીભાઈ રબારી નાસતો ફરતો હતો. ગાંધીનગર એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે આ આરોપી સે-૨૬ કિસાન નગર ખાતે પોતાના સંબંધીના ઘરે આવ્યો છે. આ માહિતીને આધારે એલસીબીની ટીમે બાતમીવાળા સ્થળ પર જઈ નાસતા ફરતા આરોપી છગન રબારી ને પકડી પાડયો હતો. આરોપીની ધરપકડ કરી તેને સે-૨૧ પોલીસને સોંપી દેવાયો છે.

વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ થકી નાગર પ્રતિભાઓની 'અભિવ્યકિત'

વડનગરા નાગર મંડળ આયોજિત કાર્યક્રમમાં શહેરના તમામ નાગર સમાજના જ્ઞાતિજનો જોડાયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના વડનગરા નાગર મંડળ દ્વારા સમાજના બાળકોથી માંડીને વડિલો તમામની શુષુપ્ત અભિવ્યકિતની શકિત અને સામર્થ્યને ઉજાગર કરતો કાર્યક્રમ 'અભિવ્યકિત' યોજવામાં આવ્યો હતો. સે-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરના નાગર સમાજના અબાલવૃધ્ધ સૌ કોઈએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ થકી પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી હતી.

અભિવ્યકિતના પ્રારંભે પ્રાગટય અને સરસ્વતી વંદના બાદ સમસ્ત નાગર પરિષદના નિલકંઠભાઈ ધોળકિયા, વીસનગરા નાગર મંડળના સુરેશભાઈ મહેતા અને સુભાષભાઈ ભટ્ટ, પ્રશ્નોરા નાગર મંડળના મનોજ શુકલ, વડનગરા નાગર મંડળના પૂર્વ પ્રમુખ અરૂણભાઈ બુચ, સુધીરભાઈ દેસાઈ તથા ગાંધીનગર સમાચારના તંત્રી તથા નાગર અગ્રણી કૃષ્ણકાંત જહાએ કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. વડનગરા નાગર મંડળના પ્રમુખ પ્રહર અંજારિયાએ જ્ઞાતિજનોનું શાબ્દિક સ્વાગત કરતા કાર્યક્રમને જ્ઞાતિજનોની સુષુપ્ત પ્રતિભાને મંચ પુરુ પાડવાનો હેતુ ગણાવ્યો હતો અને જ્ઞાતિની આગવી ઓળખ સમા કલા-સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા આ પ્રકારના કાર્યક્રમ ઉપયોગી હોવાનું જણાવ્યું હતું.

શહેરના નાગર જ્ઞાતિજનોએ અભિવ્યકિતમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ સોલો ડાન્સ, ગ્રૂપ ડાન્સ, કલાસીકલ ડાન્સ, એક પાત્રિય અભિનય, વાદ્ય સંગીત, ગીત વગેરે કૃતિઓ રજુ કરી હતી. કાર્યક્રમના અંતે પ્રેક્ષકોના વોટિંગના માધ્યમથી પ્રથમ ક્રમાંકે મહિમા વોરા અને પ્રા. કેયુર વોરા તથા દ્વિતિય ક્રમાંકે મૌરવી વોરા વિજેતા જાહેર કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન હેરત શુકલ અને દુર્વા બક્ષીએ કર્યું હતું. કાર્યક્રમના આયોજનથી આયામ સુધી વ્યવસ્થાપન માટે તથાગત મહેતા, દિવ્યમ રાણા, કિર્તન ઓઝા, નિધિ સ્વાદિયા, મેઘાવી ઓઝા, નિસર્ગ બુચ, ધ્યેય વસાવડા, ભકિત ઓઝા, નિષાદ ધ્રુવ વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના સમાપને પ્રમુખ પ્રહર અંજારિયાએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર મહાનગર યુવા મોરચા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિન અને ગાંધીનગર શહેરના સ્થાપના દિવસ નિમિતે ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા આજે સવારે ૧૧ કલાકે રાજભવન સ્ટાફ કવાટર્સની બાજુમાં મંત્રી પરબતભાઈ પટેલ, ગણપતભાઈ વસાવા અને ગુજરાત પ્રદેશ યુવા

મોરચાના અધ્યક્ષ ઋત્વીજ પટેલના હસ્તે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગર યુવા મોરચાના કાર્યકરોએ વૃક્ષોનું જતન કરવાનો સંકલ્પ લીધો છે. વાવેતર બાદ આ સમગ્ર વિસ્તારને વિજય વન નામ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ડે.મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂનમભાઈ મકવાણા, ગાંધીનગર યુવા મોરચાના અધ્યક્ષ જીગર પટેલ, મહાનગર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ અને રુચીરભાઈ ભટ્ટ સહિત ભાજના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત બક્ષીપંચ મોરચા તેમજ ભાજપ પક્ષ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે ફુટ અને બિસ્કીટ દર્દીઓને આપવામાં આવ્યા હતા. જયારે મહિલા મોરચા દ્વારા સેકટર-૧૬ ખાતે દિવ્યાંગ બાળકોને ફુડ પેકેટ આપવામાં આવ્યા હતા. ગાંધીનગર મહાનગરના વિવિધ સેલ અને મોરચા દ્વારા રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિનની વિવિધ સેવાકીય કાર્યો થકી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહાનગર ભાજપના પદાધિકારીઓ, હોદેદારો, આગેવાનો તેમજ કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સિનિયર સિટીઝન કાઉન્સિલ પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન

ગાંધીનગર, તા.૨

સિનિયર સિટીઝન કાઉન્સિલની જુલાઈ - ૨૦૧૮ ની માસિક બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ

બેઠક બાદ પરિવારના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૧૦ ના ૧૩ વિદ્યાર્થીઓ તેમજ ધો-૧૨ સાયન્સ પ્રવાહના ૯ વિદ્યાર્થીઓમાંથી પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને મેડલ, અભિવાદન પત્ર, રોકડ પુરસ્કાર તેમજ ફુલહારથી સ્વાગત કરી સન્માનિત કરાયા હતા.જયારે પરિવારના અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રશંસાપત્ર અને રોકડ ઈનામ આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમના આરંભે પરિવારના સૌ સભ્યોએ સરસ્વતી વંદના કરી હતી. જયારે વિદ્યાર્થીઓના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. સમગ્ર તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાના કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ હસમુખ ભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચિરવિદાય

● સ્વ. મિતુલાબેન પંકજકુમાર ઓઝા, ઉ.વ. ૫૧